ગાંધીનગરમાં આજે 'ધ પાવર ઓફ પેરેન્ટિંગ' અંગે સેમિનાર

@ગાંધીનગર

● મહિલા સશકિતકરણ પખવાડિયા અંતર્ગત આજે મહિલા સ્વચ્છતા જાગૃત દિવસનો કાર્યક્રમ વિવિધ સ્થળોએ યોજાશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સેકટર-૨૧ ખાતે લહેરીયાના હિંડોળા યોજાશે.

● સે-૧૭ મધ્યસ્થ ગ્રંથાલય ખાતે આજે સવારે ૧૧ થી ૪ કલાક દરમિયાન સંસ્થાના જુના સામયિકનું રાહત દરે વેચાણ થશે.

● ગાંધીનગર જિલ્લા કક્ષાનો દ્દમોવન મહોત્સવ મોટા ઈસનપુર ગામે યોજાશે. જેમાં મંત્રી દિલિપભાઈ ઠાકોર ઉપસ્થિત રહેશે.

વરસાદ બાદ શહેરમાં ફેલાયેલ કચરો અને ગંદકી તાકીદે સાફ કરવા આવશ્યક

ગાંધીનગર, તા. ૬

વરસાદ બાદ ગાંધીનગરમાં ફેલાયેલો ઝાડ-પાનનો કચરો તથા ઠેર ઠેર પડી ગયેલા વૃક્ષોની હજુ સુધી સાફ-સફાઈ ન થતાં ગાંધીનગરમાં ગંદકી જોવા મળી રહી છે. વરસાદ બાદ ફેલાયેલા કચરાને સાફ કરવા માટે વધુ એક સ્વચ્છતા ઝુંબેશ ચલાવવાની તાતી જરૂરીયાત ઉભી થઈ છે.

જુલાઈ માસના અંતમાં ગાંધીનગરમાં તોફાની વરસાદ વરસ્યો હતો. જોરદાર પવન ફૂંકાતા શહેરમાં અનેક વૃક્ષોનો સોથ વળી ગયો હતો. વરસાદ બંધ થયે અને ઉઘાડ નીકળે દસેક દિવસ થયા હોવા છતાં હજુ સુધી શહેરમાં ફેલાયેલો કચરો અને ગંદકી દૂર કરવામાં આવી નથી. વસાહતીઓ ફરીયાદ કરી રહ્યા છે કે શહેરમાં ઠેર ઠેર પડી ગયેલા વૃક્ષોને હજુ સુધી હટાવવામાં આવ્યા નથી.

પડી ગયેલા વૃક્ષો અડચણરૂપ તો બન્યા જ છે સાથે સાથે આ વૃક્ષો હવે સુકાતા ડાળીઓ અને તેના પાંદડાઓનો કચરો ઠેર ઠેર ફેલાયેલો જોવા મળી રહ્યો છે. મુખ્ય માર્ગો પર માટી અને રેતીના થર જામ્યા છે. વરસાદ બાદ જાણે શહેરની સાફ-સફાઈ કરવાનું ભુલાઈ ગયું હોય તેમ સફાઈકર્મીઓ સેક્ટરોમાં દેખાતા નથી. વરસાદ હાલમાં બંધ રહ્યો છે. ત્યારે શહેરમાં ઠેર ઠેર પડી ગયેલા વૃક્ષોને વહેલીતકે ઉપાડી લેવા અને જોખમરૂપ બની ગયેલા અન્ય વૃક્ષોનું ટ્રીમીંગ કરવું જરૂરી બની ગયું છે. માર્ગોપર ફેલાયેલા કચરા અને ગંદકીને દૂર કરવા માટે ગાંધીનગરમાં વધુ એકવાર સફાઈ અભિયાન ચલાવવું જરૂરી બન્યું છે. મુખ્ય માર્ગોની સફાઈની સાથે સાથે પેવરીંગ કામ પણ ઝડપથી થાય તેવું નગરજનો ઈચ્છી રહ્યા છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

વાતવાતમાં

● સે-૪માં આડશ બનેલ વૃક્ષને દૂર કરવા જતા સ્થાનિક રહીશને મધમાખી ચોંટી પડી હતી.

● પેથાપુર-ચરેડી ચોકડી પાસે પુરપાટ ઝડપે એકટીવા લઈ આવેલ બે યુવાનો અચાનક માર્ગમાં સ્લીપ ખાઈ જતા ફંગોળાઈ ગયા હતા.

● કોઈ હોટલ કે રેસ્ટોરન્ટમાં જમવા જઈએ તો વેલકમ ડ્રીંક આપવામાં આવે તે વાત સાંભળી કે અનુભવી છે પરંતુ જમ્યા પહેલા જ મહેમાનોનું સ્વાગત કંસારથી ખવડાવી કરવામાં આવે તે વાત ગાંધીનગર માટે નવી છે. શહેરની નજીક શરૂ થયેલી નવી હોટલ 'કંસાર'માં કોઈ પણ ફુડ આઈટમનો ઓર્ડર આપો તે પહેલાં કંસાર ખવડાવવામાં આવે છે.

● વિવિધ રમતગમત ક્ષેત્રે વિશિષ્ટ સિધ્ધિ હાંસલ કરનાર ખેલાડીઓને એકલવ્ય, સરદાર પટેલ તથા જયદિપસિંહજી એવોર્ડ વિતરણ સમારંભ સોમવારે યોજાશે.

● દિપક ઘી વાલા અને રાગીણી અભિનિત 'જીંદગી એક સફર હૈ સુહાના' નાટક ૨૪મીથી નવદિવસ માટે ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા યોજાશે.

- સમીર રામી
9924446645

ગાંધીનગરથી ચિલોડા માર્ગ પર પરપ્રાંતિય ભારવાહક ટ્રકો નાના વાહનો માટે આફત

સુરક્ષા દળોના મથકો, શાળાઓ તથા દૈનિક અસંખ્ય વાહનોથી ભરપૂર આ માર્ગ જોખમી બન્યો

ગાંધીનગર, તા.૭

ચિલોડાથી રાજયના પાટનગરમાં જવા માટેનો માર્ગ પરપ્રાંતિય ભારવાહક ટ્રકોની ભારે અવરજવરથી જોખમી બની રહ્યો છે. ક્ષમતા કરતા વધારે માલનું વહન કરતી આ ટ્રકો માર્ગ ઉપર પસાર થતા અન્ય નાના વાહનો માટે આફત બની શકવાના એંધાણ વર્તાયા છે. ચિલોડાથી ગાંધીનગરના પ્રવેશે જ પોલીસ પોઈન્ટ છે છતાં પણ બિન્દાસ્ત આ ટ્રકો પસાર થઈ રહી છે. દેશના સુરક્ષા દળોના મથકો તથા શાળાઓ પણ આ માર્ગની આજુબાજુ આવેલા છે જેથી આ માર્ગ ઉપરથી ભારવાહક અને ક્ષમતા કરતા વધુ માલ વહન કરતી ટ્રકોને પ્રતિબંધિત કરવા માંગ ઉભી થઈ છે.

ગાંધીનગરમાં પ્રવેશ કરવા માટે ચિલોડાથી આવતી પરપ્રાંતિય ટ્રકો હાલ ઓવરલોડીંગ સ્થિતિમાં અન્ય વાહનો માટે મોતનો કુવો દેખાઈ રહી છે. દૈનિક

અસંખ્ય વાહનો આ માર્ગે આવનજાવન કરે છે. વધુમાં સુરક્ષાદળોના મથકો પણ આ માર્ગ ઉપર જ આવેલા છે. જેમાં આર્મી, બીએસએફ, સીઆરપીએફ તથા એરફોર્સ મુખ્યત્વે છે અને સમયાંતરે આ સુરક્ષા દળોની ભરતી યોજાય છે અને હજારો યુવાન અહીં ભરતી થવા આવે છે વધુમાં આ માર્ગ ઉપર શાળાઓ પણ આવેલી છે જેથી વિદ્યાર્થીઓ, સુરક્ષા દળના જવાનો વગેરેની બસો પણ અહીં આવન જાવન કરે છે. ગાંધીનગરથી ચિલોડા, દહેગામ, છાલા, પ્રાંતિજ, તલોદ, મજરા તથા હિંમતનગર તરફ નોકરી જતાં અસંખ્ય નોકરીયાતો કાર, બાઈક તથા રીક્ષાનો ઉપયોગ પણ આ માર્ગ જ કરે છે જેથી ચોવીસ કલાક વાહનોથી ધમધમતા આ માર્ગ ઉપર આ પરપ્રાંતીય ટ્રકો આડશ બને છે અને કોઈક વાર જોખમી પણ બની છે. ભુતકાળમાં આવી ટ્રકો થકી અકસ્માત થયેલા છે અને આ ટ્રકો પલટી ગઈ હોવાના કિસ્સા પણ બન્યા છે

જેથી સુરક્ષાના કારણોસર તથા અન્ય વાહનોની અનુકુળતા ખાતર પણ ભારવાહક ટ્રકોને આ માર્ગ પર પ્રતિબંધિત કરાય તેવી માંગ ઉઠી છે. ગાંધીનગર મુકિતધામ નજીક પણ ટ્રાફિક પોલીસ ઉભલી હોય છે જ છતાં પણ કોઈ જ કાર્યવાહી થતી નથી. માટે સત્વરે આ અંગે યોગ્ય નિર્ણય લેવાય તે ઈચ્છનીય બન્યું છે.

(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

સે-૨ ગણેશ ઉત્સવ સમિતિના નવા હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા.૭

શહેરના સેકટર-૨/સી યુવક મંડળ સંચાલિત ગણેશ ઉત્સવ સમિતિના ચાલુ વર્ષે નવા હોદ્દેદારોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

આ સમિતિમાં પ્રમુખ પદે વિક્રમ દેસાઈ, ઉપપ્રમુખ પદે પરેશ પરમાર, અશોક પરમાર, ચિરાગ પ્રિયદર્શી, પરાગ શુકલ, મહામંત્રી પદે જયેશ રાવત, સહમંત્રી પદે નિલેશ ચૌહાણ, જયરાજસિંહ વાઘેલા અને સંગઠન મંત્રી પદે પ્રદ્યુમનસિંહ બિહોલા અને ભાવેશ પંડયાની પસંદગી કરવામાં આવી હતી. આગામી તા. ૧૭ થી ૨૩ સપ્ટેમ્બર ૨૦૧૫ દરમિયાન સે-૨/સી ગણેશ ચોક ખાતે ધામધૂમપૂર્વક ગણેશ મહોત્સવ ઉજવવામાં આવશે તેમ પ્રમુખ વિક્રમ દેસાઈએ જણાવ્યું હતું.

કેબલ ચોરી પ્રકરણમાં વોન્ટેડ આરોપીની ધરપકડ

એલસીબીએ કોર્ટ રોડ પરથી આરોપીને પકડી પાડયો

ગાંધીનગર, તા.૭

જીટીપીએલ અને ઈન કેબલ વચ્ચેની કેબલ વોરમાં કેબલ ચોરીની ઘટના બનવા પામી હતી. આ પ્રકરણમાં સંડોવાયેલા કેટલાક આરોપીઓની અગાઉ ધરપકડ થઈ ગઈ હતી. પરંતુ તેમના નિવેદનો મુજબ જેમની સુચનાથી આ કામ કરવામાં આવ્યું હતું તે ધર્મેન્દ્રસિંહ ઉર્ફે મુચ્છડ રામસિંહ ચાવડા આ ગુનામાં ફરાર હતાં. ગાંધીનગર એલસીબીનાં એએસઆઈ અશોકભાઈ, હેડ કોન્સ્ટેબલ સુરેશભાઈ અને ભૌમિકભાઈની ટીમે આજે બાતમીને આધારે વોન્ટેડ આરોપીની પથિકાશ્રમ સર્કલથી કોર્ટ રોડ વચ્ચે ધરપકડ કરી લીધી હતી. આરોપીની ધરપકડ કરીને સે-૭ પોલીસને સોંપવામાં આવ્યો.

બાલવાની વિદ્યાર્થીનીઓ એથ્લેટિકસ સ્પર્ધામાં ઝળકી

ગાંધીનગર, તા.૭

શ્રી સ્વામિનારાયણ મંદિર ટ્રસ્ટ બાલવા સંચાલિત શાળાની વિદ્યાર્થીનીઓએ રૂપાલ ખાતે રાંધેજા વિભાગની એથ્લેટિકસ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં માર્ગી ચૌધરી, રીધ્ધી ચૌધરી, પુનમ ઠાકોર, સુરેખા ભાટી, સૃષ્ટિ ચૌધરી અને કાજોલ ભાટી વિજેતા બની શાળાને ગૌરવ અપાવ્યું હતું. શાળાના આચાર્ય અર્જુનસિંહ પરમારે વ્યાયામ શિક્ષક શૈલેષકુમાર પટેલ તેમજ જીત હાંસલ કરાવનાર વિદ્યાર્થીનીઓને અભિનંદન પાઠવ્યા હતા.

પુજય આચાર્ય ભગવંતશ્રી અરૂણોદયસાગર સુરીશ્વરજી મહારાજ સાહેબની અમૃતવાણી

નવકાર વિશે દરરોજ ચિંતન કરો. નમો અરિહંતાણં બોલવાથી અહંકારનો નાશ થાય છે. એક અહંકાર માત્ર ન હોત તો માણસ દેવતાથી પણ આગળ વધી જાત. નવકાર મંત્રમાં અક્ષરો અને ધ્વનિનું એક આગવું મહત્વ છે. સ્વર અને અક્ષરો અમુક ચોકકસ રીતે બોલાય તો ગમે એવા દર્દ કે તકલીફમાં તમને રાહત મળે એટલી નવકાર મંત્રમાં તાકાત છે. ભગવાન જયારથી નિગોદમાં હતા ત્યારથી અહંનો વિલય કર્યો હતો. ભગવાનને પરાર્થ કરવાનું, બીજાનું ભલુ કરવાનું વ્યસન હતું. તમારો સ્વાર્થ ગૌણ કરી શકો તો જ તમે બીજા ઉપર ઉપકાર કરી શકો.સંસારના ઉચ્છેદન માટે નવકાર મંત્ર મહત્વનો સાબિત થાય એમ છે.

અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરો છો એનું કારણ શોધો. આત્મ ઉપર કષાયોનું સામ્રાજય છે. એનું નામ સંસાર અને આત્મા કષાયોને જીતે એનું નામ મોક્ષ છે. સંસારની જડ કષાય છે એ જો નીકળી જાય તો પછી સંસાર ટકતો નથી. દરેક કષાય માટેની દવા પણ શાસ્ત્રકારોએ બતાવી છે. ક્રોધ કાઢવા માટે ક્ષમા જોઈએ, માનની દવા છે નમ્રતા, માયાની દવા સરળતા અને લોભની દવા સંતોષ છે.

રાંધેજા ખાતે મહિલા ખેડૂત દિન ઉજવાયો

ગાંધીનગર, તા.૭

રાજય સરકાર દ્વારા ૧ ઓગષ્ટથી ૧૪ ઓગષ્ટ સુધી મહિલા સશકિતકરણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે ગાંધીનગર જિલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા ખાતે 'મહિલા ખેડૂત દિવસ' કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ખેતી અને પશુપાલનમાં મહિલાઓ આર્થિક અને સામાજિક રીતે સશકત તેમજ સ્વનિર્ભર બની દેશ અને રાજયના કૃષિ ક્ષેત્રે અમુલ્ય યોગદાન આપે. આ કાર્યક્રમમાં જિલ્લાની પ્રગતિશીલ ખેડૂત મહિલાઓ માલતીબેન ચૌધરી અને કિષ્ણાબેન પટેલ દ્વારા પશુપાલન અને ખેતી ક્ષેત્રે તેમણે મેળવેલ સિદ્ધિઓ રજુ કરી ઉપસ્થિત ખેડૂત મહિલાઓને એક પ્રેરણારૂપ બળ પુરું પાડયું હતું.

કેન્દ્રના નિયામકશ્રી ડૉ. વી.કે. ગર્ગ દ્વારા કેન્દ્ર ખાતે મહિલાઓ માટે ચાલતી પ્રવૃત્તિઓ જેવી કે સિલાઈ મશીન કામગીરી, કીચન ગાર્ડનીંગ, સિઝનલ અથાણા બનાવવાની પધ્ધતિઓ, પશુપાલન જેવા અનેક રોજગારી આપતા વિષયો પર સંસ્થાકીય અને ગ્રામ્ય તાલીમોમાં વધુમાં વધુ મહિલાઓ ભાગ લઈ અને સ્વનિર્ભર બને તેમ જણાવેલ. આ ઉપરાંત કેન્દ્રના વિસ્તરણ અધિકારી ભરતભાઈ હડિયા દ્વારા કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા મહિલાઓ માટે ચાલતી વિવિધ યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી હતી. પશુપાલન ક્ષેત્રે મહિલાઓ વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવી આર્થિક રીતે વધુ મજબુત બને તેમ પશુપાલન અધિકારી ડૉ. પ્રભાતસિંહ જાદવ દ્વારા ભલામણ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં જિલ્લાના જુદા જુદા ગામોમાંથી મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને કાર્યક્રમને સફળ બનાવેલ.

ગાંધીનગરના મહિલા અગ્રણી શ્રીમતી પરમજીત છાબડાની અલ્પ સંખ્યક વિકાસ નિગમમાં ડાયરેકટર તરીકે નિમણુંક થતા ગાંધીનગર અને અમદાવાદ બંને ગુરુદ્વારાના શીખ અગ્રણીઓએ તેમને શુભેચ્છા પાઠવી હતી.

પોલીસ ઊંઘતી રહીને જુગાર ધામ પર વસાહતીઓએ રેડ પાડી...!

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર પોલીસનું નાક વઢાઈ જાય તેવો કિસ્સો બહાર આવ્યો છે. હોંશે હોંશે પોલીસે સરગાસણ પાસે પ્રમુખનગરના મકાનમાં ચાલતા જુગારધામ પર દરોડાની કાર્યવાહી બતાવી પરંતુ હકીકત કાંઈક બીજી જ બહાર આવી...! ઘણા દિવસોથી આ મકાનમાં ચાલતા જુગારધામથી ત્રાસી ગયેલા વસાહતીઓની આ રેડ હતી. આ મકાન પાસે પહોંચીને પબ્લીકે બહારથી તાળુ મારી દીધું અને વિડીયોગ્રાફી સાથે પોલીસને બોલાવી ત્યારે સે-૭ પોલીસ ઉંઘમાંથી ઉઠી ને દરોડો પાડયો હોવાની વિગતો બહાર આવી છે.

સૂત્રો પાસેથી મળી રહેલી માહીતી મુજબ બે દિવસ અગાઉ

સરગાસણ પ્રમુખનગરમાં જનતા રેડ, પોલીસ માટે શરમજનક ઘટના : પબ્લીકે મકાનને બહારથી તાળુ મારીને વિડીયોગ્રાફી કરી પોલીસ બોલાવી હતી

મોડી રાત્રે સરગાસણ પ્રમુખનગરના મકાનમાં દરોડો પાડી સે-૭ પોલીસની ટીમે છ જુગારીઓને પકડી ૮૬,૨૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ કામગીરી સે-૭ પોલીસની હોવાનું કાગળ પર લીધુ પરંતુ વાત કાંઈક અલગ જ હતી. જુગારીઓથી ત્રસ્ત વસાહતીઓએ મળીને તે મકાનને બહારથી તાળુ મારી દીધું હતું અને વિડીયોગ્રાફી ચાલુ રાખીને પોલીસને જનતા રેડ અંગે વસાહતીએ જાણ કરી હતી. પોલીસ હાથ ખંખેરતી આવી અને નબીરાઓને લઈ જઈને તેમની સામે ગુનો દાખલ કર્યો હતો. જો કે ગણતરીના કલાકોમાં તેમને જામીન મુકત પણ કરી દેવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.

ઈન્ફોસીટી સ્કુલમાં મહિલા શિક્ષણ દિવસની ઉજવણી થઈ

ગાંધીનગર, તા.૭

સરગાસણ ઈન્ફોસીટી સ્કુલમાં મહિલા શિક્ષણ દિવસનો કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન મહિલા સાક્ષરતા વિશે જાગૃકતા આવે તે માટે વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોની સરગાસણ ચોકડી સુધી રેલી યોજવામાં આવી હતી. શિક્ષણ સંસ્થા સાથે જોડાયેલ એવા દિપ્તીબેન અને એક દિકરી હોય તેવા જલ્પાબેન ભારજાનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં આચાર્યા પ્રવિણાબેન, મેનેજીંગ ટ્રસ્ટી દલસાણીયાભાઈ તેમજ પ્રમુખ વૈષ્ણવસર હાજર રહ્યા હતા.

યુવા અનસ્ટોપેબલ ફોર્સ વિશે કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૭

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજયુકેશનની વકીલ શ્રી ડી.એચ. પટેલ ડીપાર્ટમેન્ટ ઓફ એજયુકેશન, એસ.એસ. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, આર.એચ. પટેલ ઈંગ્લીશ મીડીયમ બી.એડ. કોલેજમાં, પ્રશિક્ષણાર્થીઓને લીડરશીપ સ્કીલનો ખ્યાલ સ્પષ્ટ થાય તે હેતુથી તાજેતરમાં યુવા અનસ્ટોપેબલ ફોર્સ વિશે કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં યુવા અનસ્ટોપેબલ ફોર્સ સંસ્થામાંથી ઉપસ્થિત રહેલા શ્રી પવન જૈને યુવાનો દુનિયાને કઈ રીતે બદલી શકે છે? તેની માહિતી આપીને નાની ફિલ્મ દ્વારા મેનપાવર, સફાઈ અભિયાન, ટ્રાફિકના નિયમો, ગરીબ બાળકોને સહાય, પીવાનું પાણી, યોગ્ય આહાર વિ. સમજ આપી હતી અને તાલીમાર્થીઓને આવા કાર્યક્રમમાં જોડાવવા વિશે જણાવ્યું હતું.

અવસાન નોંધ

જયંતિલાલ અમૃતલાલ ચાવડાનું ૬ ઓગષ્ટના રોજ અવસાન થયેલ છે. જેમનું બેસણું આવતીકાલ તા. ૯મી ઓગષ્ટને રવિવારના રોજ સવારે ૯ થી ૧૧ દરમિયાન પટેલ સમાજની વાડી સે-૭ ખાતે રાખવામાં આવ્યું છે.

ગાંધીનગરમાં આજે 'ધ પાવર ઓફ પેરેન્ટિંગ' અંગે પરિક્ષિત જોબનપુત્રાનો સેમિનાર

ગાંધીનગર, તા.૭

ગુજરાતના જાણીતા લાઈફ મેનેજમેન્ટ કોચ શ્રી પરિક્ષિત જોબનપુત્રાના 'ધ પાવર ઓફ પેરેન્ટિંગ' વિષયક અત્યંત મહત્વના સેમિનારનું આયોજન ગાંધીનગરની માઉન્ટ કાર્મેલ સ્કુલના માધ્યમથી સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા કરવામાં આવ્યું છે. મહર્ષિ ફાઉન્ડેશના સહયોગથી તા. ૮ ઓગસ્ટ ૨૦૧૫ને શનિવારે સવારે ૮.૧૫ વાગ્યાથી ૯.૪૫ અને ૧૦.૧૫ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધી સિવિલ હોસ્પિટલ કેમ્પસ, સે-૧૨ ખાતે આવેલા ગાંધીનગર મેડીકલ કોલેજના ઓડિટોરીયમમાં યોજાનારા આ સેમિનારનો લાભ લેવા ગાંધીનગરના જાગૃત વાલીઓને જાહેર નિમંત્રણ છે.

આજકાલ 'પેરન્ટિંગ' પરેશાનીનો વિષય બની રહ્યો છે. આધુનિક યુગમાં વાલીઓ સામે વિશેષ પડકારો અને સમસ્યાઓ આવી છે. સંતાનો વધુ સ્માર્ટ બન્યા છે ત્યારે વાલીઓએ 'ધ પાવર ઓફ પેરેન્ટિંગ' અંગે વિશેષ સમજણ કેળવવાની આવશ્યકતા છે. માઉન્ટ કાર્મેલ સ્કુલ દ્વારા યોજાઈ રહેલા આ મહત્વના સેમિનારની પ્રથમ બેચ સવારે ૮.૧૫ થી ૯.૪૫ દરમિયાન અને બીજી બેચ માટેનું વકતવ્ય સવારે ૧૦.૧૫ થી ૧૨.૦૦ વાગ્યા દરમિયાન યોજાશે. ગાંધીનગરના જાગૃત વાલીઓને આ સેમિનારમાં ભાગ લેવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ખ-રોડ પરથી બાંકડા ગુમ!

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની રજુઆત

ગાંધીનગર, તા.૭

મહાનગર પાલિકાના કોર્પોરેટર દ્વારા તેમને મળતી ગ્રાંટમાંથી રોડની ફુટપાથ પાસે સેકટર અંદર તથા બસ સ્ટેન્ડોએ બાંકડા ગોઠવેલા હોય છે. આ બધા બાંકડા થોડાક સમયમાં કોઈ ઉપાડી લઈ જાય છે. તે કયાં જાય છે તે સમજાતું નથી. સીનીયર સીટીઝનો, મહિલાઓ સવાર-સાંજ ચાલવા માટે નીકળે છે ત્યારે આરામ માટે ત્યાં બેસતા હોય છે. તે બાંકડાઓ થોડાક સમયમાં કોઈ લઈ જાય છે. ખ-રોડ પર ઘણા બાંકડા કોઈ ઉપાડી લઈ ગયા છે.વડીલોને ફુટપાથ પર બેસવું પડે છે. પોલીસ તંત્ર કહે છે કે અમે બાંકડા ઉપાડયા નથી. મહાનગર પાલિકા કહે છે કે અમે ઉપાડયા નથી તો આ બાંકડા ઉપાડયા કોણે? તે સત્વરે શોધવાની જરૂરિયાત જણાય છે.

ઘણા સેકટરોમાં કચરો ભરવા માટેની ડોલો મળેલ નથી તેમજ કચરો ઉપાડવા માટે ગાડી આવે છે તેનો કોઈ મુકરર સમય હોતો નથી. જેનો નિયમિત સમય ગોઠવવો જોઈએ તેમ ગાંદીનગર શહેર જાગૃત નાગરિક પરિષદના મંત્રીશ્રી જે.જે. ત્રિવેદીએ જણાવેલ છે.

ચિરવિદાય

- સ્વ. બળદેવભાઈ મોહનલાલ પરમાર, ઉ.વ.૭૫, પ્લોટ નં. ૯૦૮/૨, સેકટર-૫-સી, ગાંધીનગર.
- સ્વ. જયંતિલાલ અમૃતલાલ ચાવડા, ઉ.વ.૭૬, પ્લોટ નં. ૧૩૦૭/૨, સેકટર-૩-બી, ગાંધીનગર.
- સ્વ. ચંદુભાઈ પટેલ, ઉ.વ.૮૫, મુ. મગોડી, ચહેરબા વૃદ્ધાશ્રમ, તા.જી. ગાંધીનગર.

રસ્તામાં રડતી બાળાની મદદ કરી નગરની બે શિક્ષિકાઓએ ગુરૂપદ ઉજાળ્યું

ગાંધીનગર, તા.૭

કેમ બેટા શું થયું? તું કેમ રડે છે? નગરની બે શિક્ષિકાઓએ ખ રોડ પર સે-૧૪ નજીક રડતી એક આશરે ૧૩ વર્ષીય બાળાને આ સવાલો કર્યા હતા. રડતી બાળાએ સે-૬માં પરીક્ષા આપવા જવાનો ટાઈમ થઈ ગયો હતો અને સાયકલની ચેઈન જામ થઈ ગઈ છે તો હું કેવી રીતે પહોંચીશ? તેમ જણાવ્યું.

ગાંધીનગરના સેકટર-૧૫માં આઈટીઆઈમાં કામ કરતી બે શિક્ષિકાઓ ગઈ કાલે સાંજે પોણા છ વાગે ખ રોડ પરથી પોતાના સ્કુટર પર પરત ફરી રહી હતી ત્યારે સેકટર-૧૪ નજીક એક બાળાને રોડની સાઈડમાં સાયકલ ઉભી રાખીને રડતી જોઈ હતી. બંને શિક્ષિકાઓએ તુરંત જ તેમનું સ્કૂટર થોભાવી તે બાળા પાસે ગયા અને તેને રડવાનું કારણ પુછયું હતું. રડતી બાળાએ જણાવ્યું કે તે નજીકમાં રહે છે અને સે-૧૪માં તેની બહેનપણીને ત્યાં પુસ્તક લેવા આવી હતી. તેને સાંજના ૬ વાગે સેકટર-૬માં ટયુશન કલાસીસમાં પરીક્ષા છે. પુસ્તક લઈને પરત ફરી રહી હતી ત્યારે તેની સાયકલની ચેઈન ફસાઈ ગઈ જેના કારણે સાયકલ ચાલતી નથી હવે

પોણા છ વાગી ગયાં છે તો તે પરીક્ષામાં કેવી રીતે પહોંચી શકશે તેની ચિંતામાં રડી રહી છે. બંને શિક્ષિકાઓએ કહ્યું કે તો તારે ફોન કરી તારા પપ્પાને બોલાવી લેવા જોઈએ ને? તો બાળાએ જવાબ આપ્યો કે મારી પાસે મોબાઈલ ફોન જ નથી તો કેવી રીતે ફોન કરું? અને હવે ફોન કરું તો પણ મારા પપ્પા આવે અને લઈ જાય ત્યાં સુધીમાં તો ઘણું મોડું થઈ જાય તેમ છે.

અંતે, બંને શિક્ષિકાઓએ આ બાળાને તેની પરીક્ષામાં સમયસર પહોંચાડવાનું બીડું ઝડપી લીધું. એક શિક્ષિકા એ સ્કૂટર પર પોતાની પાછળ બાળાને બેસાડી લીધી જયારે અન્ય શિક્ષિકાએ તે બાળાની સાયકલ પર સવારી કરી બાળાનો હાથ પકડી લીધો. આ રીતે સ્કૂટર ચાલક શિક્ષિકાએ ધીમે ધીમે સ્કૂટર ચલાવી લીધું જેથી બાળા સહિત પોતાની સહકર્મી પણ સાયકલ સાથે ચાલવા લાગી. આમ તેમણે બાળાને તેના કલાસીસ સુધી સમયસર પહોંચાડી તેમજ પોતાના મોબાઈલથી બાળાના પિતાને ફોન કરી કલાસીસ છુટયા બાદ બાળાને લઈ જવા જણાવી પણ દીધું.

આમ તો વાત નાની અમથી છે પણ ખરેખર જેને કોઈની મદદ કરવી જ છે તેને સ્થળ સંજોગો કે સમય કશું નડતું નથી. એક રડતી નિર્દોષ બાળાને અણીના સમયે મદદ કરીને આ શિક્ષિકાઓએ માત્ર સારું કાર્ય જ નથી કર્યું પરંતુ એ બાળાના જીવનમાં હંમેશા મુસીબતમાં મુકાયેલી વ્યકિતને મદદ કરવાનો ઉત્તમ બોધપાઠ પણ આપી દીધો છે. સાચે જ આને કહેવાય એક ઉત્તમ શિક્ષક જે પોતાના વર્તન દ્વારા જ યોગ્ય ઉદાહરણ પ્રસ્તુત કરે અને તે પણ માત્ર પોતાના વર્ગના જ નહી પરંતુ જીવનના કોઈ પણ ક્ષેત્રે મળતા તમામ વિદ્યાર્થીઓ માટે. ધન્ય છે બંને શિક્ષિકાઓને.